બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૧

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૧૦ જુલાઈ, ૨૦૧૧)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

## (વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના, અગિયારમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૯)

**પ્ર.૧ નીચે આપેલામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- દરેક પ્રમાણ દીઠ ૧ ગુણ. સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે. પ્રમાણમાં ક્યારેક સંસ્કૃત શ્લોક અને ભાષાંતર હોય છે. પરીક્ષાર્થીએ કોઈ પણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું.**

૧. **ભગવાન તો સદા સાકાર - ધામમાં અને પૃથ્વી ઉપર (૩/૧૭) પ્રમાણ- ૧** ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે, તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે. અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર છે, તે પુરુષના જેવો દ્વિભુજ છે ને સચ્ચિદાનંદ રૂપ છે. (વચ.ગ.અં. ૩૮) **પ્રમાણ-૨** ભગવાનનું બ્રહ્મપુર ધામ છે તેને વિષે ભગવાન સદાય સાકાર વિરાજમાન મૂર્તિમાન છે. (વચ.ગ.અં. ૭) **પ્રમાણ-૩** પ્રેમાનંદ સ્વામીના કીર્તનમાં શ્રીજીમહારાજ કહે છે : 'મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ, તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર.' **પ્રમાણ-૪** તે તેજને વિષે (અક્ષરધામને વિષે) એક ભગવાનની મૂર્તિ દેખાય છે તે અતિ પ્રકાશમય છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશય તેજે કરીને શ્યામ જણાતી નથી, અતિશય શ્વેત જણાય છે. અને તે મૂર્તિ દ્વિભુજ છે અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે. પણ ચાર ભજિં કે અષ્ટભુજ કે સહસ્રભુજ તે એ મૂર્તિને નથી. એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે. (વચ.ગ.મ. ૧૩) **પ્રમાણ-૫** જેવા પ્રગટ ભગવાન પૃથ્વી ઉ્પર વિરાજે છે અને જેવા તે ભગવાનના ભક્ત ભગવાનની સમીપે વિરાજે છે તેવા ને તેવા જ જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ રહે છે. અને આ ભગવાન ને ભગવાનના ભક્ત તે સદા સાકાર જ છે. (વચ.ગ.પ્ર. ૩૭) **પ્રમાણ-૬** આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ ભગવાન ને ભગવાનના ભક્ત તે દિવ્ય સાકાર રૂપે કરીને અક્ષરધામને વિષે દિવ્ય ભોગને ભોગવતાં થકા રહે છે. અને તે ભગવાનનું રૂપ ને ભગવાનના ભક્તનાં રૂપ તે અનંત સૂર્ય ચંદ્રના પ્રકાશ સરખા પ્રકાશે યુક્ત છે.' અને એવા તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વે શક્તિઓ, ઐશ્વર્ય પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે. તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. (વચ.પં. ૭) **પ્રમાણ-૭** ભગવાન તો સદા સાકાર જ છે. (વચ.ગ.અં. ૩૫)

૨. **સર્વથી પર અક્ષરધામ અને અક્ષરધામાધિપતિ શ્રીહરિ સર્વોપરી (૪/૩૦) પ્રમાણ- ૧** બદ્રીતળે રાખ્યા ઋષીશ્વર, નિરન્નમુક્ત રાખ્યા શ્વેતદ્વિપમાં; ગોપીગોપ રાખ્યા ગોલોકે, રાખ્યા મુક્ત અક્ષર સમીપમાં. **(નિ. કા. વચનવિધિ : ૩૭) (નોંધ :-** આ કિર્તનની આગળની પંક્તિઓ પરીક્ષાર્થીએ લખી હોય કે ન લખી હોય અને ઉપરની બે જ પંક્તિ લખી હોય તો પણ સાચું આપવું.) **પ્રમાણ- ૨** 'ચૌદ લોક વૈકુંઠ લગી, માયાની પાગી રે, તેથી અનુભવી અળગા રહે, ત્રિય તાપ આગી રે.' - મુક્તાનંદ સ્વામી **પ્રમાણ- ૩** પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે, ને તેથી દેવતાનું સુખ અધિક છે, ને તેથી ઇન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે. અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે. (વચ. પં. ૧) **પ્રમાણ- ૪** જેહ ધામને પામીને પ્રાણી, પાછું પડવાનું નથી રે, સર્વે પર છે સુખની ખાણી, કેવું કહીએ તેને કથી રે. અનંત મુક્ત જ્યાં આનંદે ભરીયા, રહે છે પ્રભુજીની પાસ રે, સુખ સુખ જ્યાં સુખના દરિયા, ત્યાં વસી રહ્યા વાસ રે, એવા ધામની આગળ બીજા શી, ગણતરીમાં ગણાય રે. (ચોસઠપદી : ૫૫, ૫૬) **પ્રમાણ- ૫** જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે તેને મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યા છે. (સા.વચ. ૧, ૪, ૧૧, ગ. અં. ૨૮) **પ્રમાણ- ૬** 'મા' પ્રલય કાળના અગ્નિમાં સીજાં, હંમેશ જે હણાય રે, પ્રકૃતિપુરુષ પ્રલયમાં આવે, ભવ બ્રહ્મા ન રહે કોય રે, ચૌદ લોક ધામ રહેવા ન પામે, સર્વે સંહાર હોય રે. (ચોસઠ પદી, ૫૬) **પ્રમાણ-૭** ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિ ને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે

લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના વૈભવ છે, તે સર્વે નાશવંત છે. (વચ. ગ. મ. ૨૪) **પ્રમાણ-૮** **न तद्भासयते सूर्यो न शशाडको न पावक :। यद्गत्वा न निवर्तन्ते तद्धामि परमं मम ॥** (ગીતા - ૧૫/૬) અર્થાત જે ધામને પામીને પુનરાગમન પામતા નથી, જે ધામને સૂર્ય, ચંદ્ર અને અગ્નિ પ્રકાશિત કરી શકતા નથી, તે મારું પરમધામ છે. (ગીતા ૧૫:૬) (**નોંધ** સંસ્કૃત કે ગુજરાતી કોઈપણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું) **પ્રમાણ-૯** અક્ષરધામની અવધિ નથી. એ અધો-ઊર્ધ્વ અને પ્રમાણે રહિત છે. (વચ. લોયા. ૧૪) **પ્રમાણ-૧૦** 'મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ, સર્વ સાપ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ. અતિ તેજોમય રે, રવિ શશિ કોટિક વારણે જાય, શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય. (શ્રીજીમહારાજ ઓરડાના પદમાં, સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી) **પ્રમાણ-૧૧** તેજ તેજ જિયાં તેજ અંબાર, તેજોમય તન તેનાં રે, તેજોમય જ્યાં સર્વે આકાર, શું કહિયે સુખ એનાં રે. તે તેજ મધ્યે સિંહાસન શોભે, તિયાં બેઠા બહુનામી રે, નિષ્કુળાનંદ કહે મન લોભે, પૂરણ પુરુષોત્તમ પામી રે. (ચોસઠપદી : ૫૫) **પ્રમાણ-૧૨** એવો જે અક્ષરરૂપ ધામ તે પરાત્પર છે. (વેદરસ : પૃ-૧૪૬) **પ્રમાણ-૧૩** અમે એકલા જ તે સર્વે થકી પર એવું જે શ્રીપુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું. મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ... ને જે જે જીવ મારે શરણે આવ્યા છે..... તેને સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ. (વચ.અમ. ૭)

૩. **ગુણાતીત સંતનો મહિમા : પરમહંસોના પદોમાં (૫/૯૦) પ્રમાણ - ૧ પુરુષોત્તમ પ્રકાશમાં લખ્યું છે :** સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત ન ભૂલે હુંયે ન ભૂલું રે, સંત વાત ભેળી કરું વાત રે, એમ સંતમાં છઉં સાક્ષાત્ રે. સંત જુવે તે ભેળો હું જોઉં રે, સંત સૂતા પછી હું સોઉં રે, સંત જાગે તે ભેળો હું જાગું રે, સંત જોઈ અતિ અનુરાગું રે. સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે કેડ્યે હું ભમું રે, સંત દુખાણે હું દુખાણો રે, એહ વાત સત્ય જન જાણો રો. સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે, સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતી રે. **(નોંધઃ આમાંથી કોઈપણ બે પંક્તિઓ પરીક્ષાર્થીએ લખી હોય તો તે પ્રમાણ સાચું આપવું) પ્રમાણ- ૨ ચોસઠપદીમાં લખ્યું છે :** એવા સંત જમ્યે જમ્યા શ્યામ, જમ્યા સહુ દેવતા, જમ્યા સર્વે લોક સર્વે ધામ, સહુ થયા તૃપ્તતા. એવા સંત મળ્યે મળ્યા સ્વામી, ખામી કોયે ન રહી, કહે નિષ્કુળાનંદ શીશ નામી, સાચી સહુને કહી. **પ્રમાણ- ૩ : ભક્તચિંતામણીમાં સંતનો અપાર મહિમા કરતાં સદ્. નિષ્કુળાનંદ સ્વામી લખે છે :** સંતકૃપાએ સુખ ઊપજે, સંત કૃપાથી સરે કામ, સંતકૃપાથી પામીએ, પૂરણ પુરુષોત્તમ ધામ. સંતકૃપાથી સદ્‌મતિ જાગે, સંત કૃપાથી સદ્‌ગુણ, સંત કૃપા વિના સાધુતા, કહો ને પામ્યા કુણ. સંત સેવ્યા તેણે સર્વ સેવ્યા, સેવ્યા શ્રીહરિ ભગવન, ઋષિ મુનિ સેવ્યા દેવતા, જેણે સંત કર્યા રાજી મન. કામદુધા કલ્પતરુ, પારસ ચિંતામણિ ચાર, સંત સમાન એકે નહિ, મેં મનમાં કર્યો વિચાર. **પ્રમાણ- ૪** ધન્ય ધન્ય એ સંત સુજાણને, જેનું ઊલટી પલટ્યું આપ, સંત તે સ્વયં હરિ. આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ. સંત તે સ્વયં હરિ. **સદ્. નિષ્કુળાનંદ સ્વામી રચિત કીર્તન પ્રમાણ - ૫** ऐसे मेरे जन एकांतिक, तेही सम और न कोई मुक्तानंद कहत युं मोहन, मेरो हि सर्वस्व सोई. **પ્રમાણ- ૬** મુક્તાનંદ મહા સંતને, પ્રભુ પ્રગટ પાસે રે. અનુભવીને અંતરે રહે રામ વાસે રે. **સદ્ મુક્તાનંદ સ્વામી. પ્રમાણ -૭** બ્રહ્માનંદ કહે સંતકી સોબત,મિલત હે પ્રગટ મુરારી, જગતમાંહી સંત પરમ હિતકારી. **બ્રહ્માનંદ સ્વામી. પ્રમાણ - ૮** આઠે પહોર આનંદ જેના અંગમાં, રમે ગોવિંદ એવા સંતના રે સંગમાં ... 'એવા સંત હરિને પ્યારા રે, તેથી ઘડીએ ન રહે વાલો ન્યારા રે' .... 'એવા સંતની બલિહારી રે, જેને ગુણે રીઝ્યા ગિરધારી રે' ... **સદ્. પ્રેમાનંદ સ્વામી**

૪. **ગુણાતીત સતંનો મહિમા - શ્રીજીમહારાજના શ્રીમુખે (૫/૮૬) પ્રમાણ- ૧** એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ અને તેને દુખવતા થકા મનમાં બીએ છીએ અને તેનાં દર્શનને પણ ઇચ્છીએ છીએ... એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનનાં દર્શનતુલ્ય છે અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય એવા એ મોટા છે. (વચ.ગ.પ્ર. ૩૭) **પ્રમાણ- ૨** તે સંત થકી ભગવાન અથવા ભગવાનના ધામ તે અણુમાત્ર છેટે નથી.... એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું. (વચ.સા.૧૦) **પ્રમાણ- ૩** જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી. (વચ.ગ.પ્ર. ૪૪) **પ્રમાણ- ૪** એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના ઉદ્ધારને કરે છે. સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ. એવી રીતે જરણા કરે તેને અતિમોટા જાણવા. અને એ સમર્થ તો કેવો જે, એના નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવ પ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે. એમ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોની ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે, માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે. (વચ.ગ.પ્ર. ૨૭) **પ્રમાણ- ૫** ભગવાનના સાધુ તે તો ભવબ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. (વચ.ગ.મ. ૫૯) **પ્રમાણ- ૬** જ્યારે એ ભગવાનને ભજીને આવી રીતનો સાધુ થયો ત્યારે સાધુ થકી બીજી કોઈ મોટી પદવી નથી. જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો રાણીનો હુકમ પણ ચાલે, તેમ ભગવાનનો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પ્રતાપ છે. (વચ.ગ.મ. ૨૨) **પ્રમાણ- ૭** એવા જે (વડવાનળ અગ્નિ જેવા) મોટા પુરુષ છે તે સમુદ્રના જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાખે છે. અને વડવાનળ અગ્નિ જેવા તો સિદ્ધ દશાવાળા ભગવાનના પરમ એકાંતિક સાધુ છે. (વચ.વર. ૩) **પ્રમાણ- ૮** એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ થાય છે. (વચ.ગ.અં. ૩૫) **પ્રમાણ- ૯** એવી રીતે ભગવાનને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિપ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય

ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે. (વચ.વર. ૫) **પ્રમાણ-૧૦** અતિશય જે મોટા પુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે અને મોટાપુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવાં ભૂંડા પ્રારબ્ધ હોય તો રૂડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવવારું હોય તે નાશ થઈ જાય.(વચ.ગ.પ્ર. ૫૮) **પ્રમાણ-૧૧** સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે. (વચ.વર. ૧૧) **પ્રમાણ-૧૨** સંતનો સમાગમ મળ્યો તે તો મને પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ મળ્યો છે. (વચ. ગ.પ્ર. ૧૪)

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ : ૫)**

૧. ''અને જે એ ભગવાનને નિરાકાર જાણીને ધ્યાન-ઉપાસના કરે છે તે તો બ્રહ્મ સુષુપ્તિને વિષે લીન થાય છે.''

જ. નિરાકાર સમજવાથી ખોટ (૩/૧૧)

૨. આત્યંતિક જ્ઞાન તો આ સાધુને ઓળખ્યા એ જ છે. **જ.** પ્રગટને ઓળખવા એ જ જ્ઞાન (૫/૬૭)

૩. ''વરસો વરસ એક માસ રે, કરવો આ મંદિર માંહી વાસ રે.''

જ. શ્રીજીમહારાજે કહેલો 'સ્વામી'નો અસાધારણ મહિમા (૬/૧૧૯)

૪. ભગવાનના આકારનું ખંડન ક્યારેય પણ ન કરવું. **જ.** સાકાર સ્વરૂપમાં રુચિ (૩/૯)

૫. ''તેમ ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા, બ્રહ્મ દેખાય જ નહિ'' **જ.** ઉપાસનાનું મહત્વ (૧/૧)

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૨ (૪/૪૦, ૪૧) **૨.** ૨, ૩ (૫/૭૬, ૭૭)

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક વર્ણવી સિદ્ધાંત લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : પ્રસંગના ૩ ગુણ અને સિદ્ધાંતનો ૧ ગુણ આપવો.**

**૧. ''સ્વામી તમે પંડે અક્ષર ?'' (૬/૧૨૩-૧૨૪)** સારંગપુરના વાઘાખાચર કારણ દેહના ભાવ ટાળવા ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા હતા. જૂનાગઢ આવતાં રસ્તામાં ભગતજીએ તેમને 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે' એવી વાત કરી. પણ તેમને આ રુચ્યું નહિ. જૂનાગઢમાં એક વખત સ્વામીશ્રીની આજ્ઞાથી સર્વે હરિભક્તો મંદિરની વાડીએ પથ્થર તથા નાના કાંકરા વીણીને વાડી ચોખ્ખી કરતા હતા. ત્યાં સર્વેને અલમસ્ત રીતે આનંદમાં જોઈને વાઘાખાચરે મહુવાના દામા શેઠને પુછ્યું, 'આ બધાને આનંદ આવે છે એવો આનંદ મને કેમ નથી આવતો ?' ત્યારે દામા શેઠે કહ્યું, 'તમે આ પ્રાગજી ભક્ત કહે છે તેમાં વિશ્વાસ લાવીને સ્વામીને મૂળ અક્ષર છે એમ સમજો તો તમને પણ આનંદ થાય.' ત્યારે તેમણે કહ્યું, 'સ્વામી પંડે કહે તો હું માનું.' થોડીવાર પછી ભગતજી મહારાજે સ્વામીને વૃત્તિ દ્વારા ખેંચ્યા અને સ્વામી ત્યાં આવ્યા ત્યારે વાઘા ખાચરે પૂછ્યું 'સ્વામી ! આ પ્રાગજી ભક્ત કહે છે કે સ્વામી આપ મૂળ અક્ષર છે, તે વાતનું નિરાકરણ કરી આપો.' ત્યારે સ્વામી કહે : 'પ્રાગજી કહે છે તેમ જ છે છતાં પણ ખાતરી કરવા ફરી પૂછ્યું. 'સ્વામી તમે પંડે અક્ષર ?' ત્યારે સ્વામીએ હા પાડી. આથી વાઘાખાચરને સ્વામી મૂળ અક્ષર છે તે વાતની પ્રતીતિ થઈ. **સિદ્ધાંત :-** અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ઓળખવું તે ખૂબ કઠણ વાત છે. તે અક્ષરબ્રહ્મની પોતાની અનહદ કૃપા હોય ત્યારે જ મુમુક્ષુ આ સ્વરૂપને ઓળખી શકે છે.

**૨. શ્રીજીમહારાજને શરીરે ખૂબ ભાર લાગ્યો અને પરસેવો વળી ગયો. (૬/૧૧૬-૧૧૭)** વડતાલમાં માંદા સંતોની ગોદડીઓ ધોઈને આવતા સ્વામીને હનુમાનવાળા દરવાજે મહારાજ ભેગા થયા. સ્વામીએ વૃત્તિથી મહારાજની મૂર્તિ પકડી લીધી. અઢાર ગોદડીઓના ભારથી સ્વામી પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. તેથી મહારાજને પણ પરસેવો થવા લાગ્યો. સ્વામીની રજા લઈ મહારાજ સભામાં આવ્યા. સભામાં મહારાજે કહ્યું, 'અમારે શરીરે બહુ ભાર લાગ્યો છે એટલે પરસેવો થાય છે.' આ સાંભળીને ભગુજી અને બાપુ રતનજી મહારાજને પંખો નાખવા લાગ્યા. ત્યારે મહારાજે કહ્યું, 'ઓલ્યા સાધુના ખભા ઉપરથી ગોદડીઓ ઉતારી લો તો અમારો ભાર હળવો થશે.' તેથી ભગુજીએ બધી ગોદડીઓ સ્વામીના ખભા ઉપરથી લઈ લીધી. પછી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને બોલાવીને મહારાજે કહ્યું, 'સાણસામાં જેમ સાપ પકડે, તેમ અમારી મૂર્તિને ત્રણેય અવસ્થામાં આ સાધુએ ઝાલી રાખી છે. એ અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. સર્વ થકી શ્રેષ્ઠ છે અને મોટા મોટાઓને પણ સમાગમ કરવા યોગ્ય છે. **સિદ્ધાંત :-** શ્રીજીમહારાજ અને સ્વામી બંનેનું એકાત્મપણું આ પ્રસંગ પરથી દેખાય છે. વળી, પોતાના અક્ષરધામની સ્વયં મહારાજ ઓળખ કરાવે તો જ આપણે ઓળખી શકીએ.

**૩. ''દાદાખાચરના નળિયાનું ધ્યાન કરો'' (૫/૭૧)** સ્વરૂપાનંદ સ્વામીને પ્રગટ મહારાજ કરતાં અંતરમાં દેખાતી મહારાજની મૂર્તિ વિષે વધુ લગની લાગી ગઈ. તેમને પ્રગટનો સિદ્ધાંત સમજાવવા મહારાજે મંદવાડ પ્રેરીને અંતરમાં મૂર્તિ દેખાતી હતી તે બંધ કરી. સ્વરૂપાનંદ સ્વામી મૂંઝાયા. દીન થઈ મહારાજ પાસે આવ્યા. મહારાજની સ્તુતિ કરી. મહારાજે કહ્યું, 'પર્વતભાઈ પાસે જાવ, શાંતિ થઈ જશે.' પર્વતભાઈએ વાતો કરતા તેમને કહ્યું, દાદાખાચરનાં નળિયાનું ધ્યાન કરો. સ્વરૂપાનંદ સ્વામીને આ વાત સમજાઈ.

પોતાની ભૂલ સમજાઈ કે મહારાજનાં સંબંધથી દરબારનાં નળિયાં પણ ધ્યાન કરવા યોગ્ય બન્યા છે કારણ કે નિર્ગુણભાવને નળિયા પામી ગયા છે. તેથી મારે પણ મહારાજની પ્રત્યક્ષ મૂર્તિમાં જ લગની લગાડવી જોઈએ. આમ કરવાથી તેમને શાંતિ થઈ. **સિદ્ધાંત :-** પ્રગટના લીલા ચરિત્રો ગાવા ને સાંભળવાથી શાંતિ થાય છે.

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

> ☞ **નોંધ :- (૧) વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું. (૨) ગુણના પ્રમાણમાં સંદર્ભો અને પ્રસંગો હોય તો ચાલે, બધા જ પ્રસંગ લખવા એવું જરૂરી નથી.**

૧. **સર્વોપરીપણાની નિષ્ઠા આવશ્યક (૪/૨૯-૩૦)** શ્રીજીમહારાજના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરવાથી જીવને જન્મ-મરણનો ભય ટળી જાય છે. તેમને વિષે દૃઢ નિષ્ઠા થવાથી જ આત્મા- અનાત્માનો વિવેક દૃઢ થાય છે. તેની વિશેષ સમજ આપતા શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે કે 'જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે. (વચ.ગ.પ્ર.૫૬) જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે... પણ ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ. (વચ. ગ.મ.૧૩) મહારાજને પુરૂષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ. (સ્વા.વા. ૩/૧૨) જ્ઞાનમાર્ગ તો એવો સમજવો, જે કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ... માટે જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું, પણ ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે. (વચ. ગ.મ.૯) અને જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત સત્સંગથી બાહેર નીસરી જવાણું તોય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી. અને તે હમણાં તો સત્સંગથી બાહેર છે પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જશે. અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે, પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય. તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય. (વચ. ગ.મ.૯)

૨. **દિવ્યભાવની સમજણ માયાની નિવૃત્તિ કે આત્યંતિક મુકિત માટે આવશ્યક છે. (૩/૨૧થી૨૪)** ભગવાન તો ધામમાં ને અહીં પણ સંપૂર્ણપણે દિવ્યમૂર્તિ છે જ છતાં ભક્તોને સજાતીય થવા પોતાનામાં મનુષ્યભાવ ગ્રહણ કરે છે. તેમાં સમ્યગ્ દિવ્યભાવ રાખવો તે સાચા ભક્તનો ધર્મ છે. આ દિવ્યભાવની સમજણ માયાની નિવૃત્તિ કે આત્યંતિક મુક્તિ માટે આવશ્યક છે. (૧) ક્ષર અક્ષરથી પર એવા જે પુરુષોત્તમ ભગવાન છે, તે જ્યારે જીવના કલ્યાણને અર્થે બ્રહ્માંડને વિષે મનુષ્ય જેવી મૂર્તિ કરીને વિચરે છે ત્યારે સર્વે મનુષ્યના જેવાં જ ચરિત્ર કરે છે અને જેમ મનુષ્યને વિષે હારવું, જીતવું, ભય, શોક, કામ, ક્રોધ, લોભ, મદ મોહ, મત્સર, આશા, તૃષ્ણા ઈર્ષા ઈત્યાદિક માયિક સ્વભાવ હોય તેવા જ સ્વભાવ ભગવાન પણ પોતામાં દેખાડે છે, તે સર્વે જીવના કલ્યાણને અર્થે છે. પછી જે ભક્ત હોય તે તો એ ચરિત્રને ગાઈને પરમપદ ને પામે છે. **(વચ. ગ.પ્ર.૭૨)** (૨) ભગવાને ગીતામાં કહ્યું છે જે, जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन । એ શ્લોકનો એમ અર્થ છે જે, 'હે અર્જુન ! મારાં જન્મ ને કર્મ તે દિવ્ય છે. તેને જે દિવ્ય જાણે તે દેહને મૂકીને ફરી જન્મને નથી પામતો, મને જ પામે છે.' માટે જે ભગવાન દિવ્ય ચરિત્ર કરે તે તો ભક્ત ને અભક્ત બેયને દિવ્ય જણાય, પણ જ્યારે ભગવાન મનુષ્યના જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તો પણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય, પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહિ એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય અને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય. અને એ શ્લોકમાં કહ્યું જે ફળ તે આવા ભક્તને જ થાય છે...... માટે જે જે ભગવાન ચરિત્ર કરે તે સર્વેને ગોપીઓની પેઠે દિવ્ય જાણે, પણ કોઈ રીતે પ્રાકૃત જાણીને અભાવ તો આવે જ નહિ. એવી જે ભક્તિ તે તો મહાદુર્લભ છે.... અને એવી ભક્તિ છે તે જ પરમપદ છે. માટે આવી રીતની ભક્તિ તે જ્ઞાન, વૈરાગ્ય થકી અધિક છે. અને જેના હૃદયને વિષે આવી રીતની ભક્તિ હોય તેને ભગવાનને વિષે પ્રીતિમાં શું બાકી છે ? કાંઈ બાકી નથી.'' **(વચ.ગ.મ. ૧૦)** (૩) વળી, પરમેશ્વર ગમે તેવાં ચરિત્ર કરે તો પણ તેને કોઈ રીતે ભગવાનને વિષે દોષ ભાસતો જ નથી, એવો જેને મહિમાએ સહિત ભગવાનનો નિશ્ચય હોય તે નિર્ભય થઈ ચૂક્યો. **(વચ. વર. ૧૨)** (૪) તપ, ત્યાગ, વૈરાગ્ય, વ્રત, ધ્યાન, અષ્ટાંગ યોગાદિક અનંત સાધનોથી જે સ્વભાવ, દોષ વાસના ન ટળે, તે ટાળવાનો સહેલો ઉપાય બતાવતાં શ્રીજીમહારાજ કહે છે : પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે. **(વચ. ગ.પ્ર.૨૪)** (૫) ભગવાનના સ્વરૂપને વિષે કોઈ પ્રકારે માયિકભાવ નથી, અને એ ભગવાન તો માયા ને માયાનું કાર્ય જે ત્રણ ગુણ તે થકી પર છે, એવો જેને ભગવાનનો દૃઢ નિશ્ચય થયો તે ભગવાનની માયાને તરી ચૂક્યો છે અને પોતામાં તો માયાના ગુણનું કાર્ય જે ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે પોતપોતાની ક્રિયાને વિષે પ્રવર્તે છે તો પણ એ માયાને તર્યો કહેવાય. **(વચ. વર. ૫)** (૬) એ (ભગવાન) તો સમર્થ છે. તે જેમ કરતા હશે તે ઠીક કરતા હશે. એવી રીતે ભગવાનને નિર્દોષ સમજે તો માયાને તર્યા કહેવાય. **(વચ. લો.૪)** (૭) ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું (દિવ્ય) રહ્યું છે તેવું જ (દિવ્ય) પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી અને આવી રીતે જેણે

ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય. **(વચ. પં ૭)** (૮) ગુણાતીતાનંદ સ્વામી કહે છે : દિવ્યભાવ અને મનુષ્યભાવ એક થઈ જાય ત્યારે (ભગવાન) ભજવાનું સુખ આવે. **(સ્વા.વા. ૫-૧૦૧)** (૯) ભગવાનને નિર્દોષ સમજ્યાથી નિર્દોષ થઈ રહ્યો છે. **(સ્વા. વા. ૫-૧૨૫)** (૧૦) ભગવાનની જેમ જ ગુણાતીત સંતને પણ સદા દિવ્ય અને નિર્દોષ સમજવાની મહત્તા દર્શાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે ભગવાનનું સ્વરૂપ નિર્દોષ સમજવું ને મોટા એકાંતિક સાધુને પણ એમ સમજવા તે બરોબર કોઈ સાધન નથી. **(સ્વા. વા. ૨/૧૭૨)** (૧૧) અતિશય જે મોટા પુરુષ હોય (ગુણાતીત સંત) તેને જે અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય.... અને જો મોટા પુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય. **(વચ.ગ.પ્ર.૫૮)** (૧૨) મોટાપુરુષને વિષે જે નિર્દોષબુધ્ધિ રાખે છે તે પોતે સર્વ દોષ થકી રહિત થાય છે. **(વચ.ગ.પ્ર.-૭૩)** માટે ભગવાન અને સંતને દિવ્ય સમજવા અનિવાર્ય છે.

૩. **શ્રીજીમહારાજનું સર્વોપરીપણું : 'સ્વામીની વાતું'ના આધારે (૪/૩૫થી૩૯)** શ્રીજીમહારાજ પોતાના સ્વરૂપની સર્વોપરી નિષ્ઠા જીવોને દૃઢ કરાવવા માટે જ પોતાનું અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ પાર્ષદો સાથે લાવ્યા હતા. **(વચ.ગ.પ્ર. ૭૧)** શ્રીજીમહારાજના શબ્દો પ્રમાણે, પોતે જેવા અક્ષરમાં છે તેવા પ્રકૃતિ પુરુષાદિકમાં નથી. એટલે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જેવો અને જેટલો મહારાજનો મહિમા કહી શકે, તેવો અને તેટલો મહિમા બીજા કોઈ કહી શકે નહી. સ્વામીની વાતુમાં પણ કેસરી સિંહના નાદ સમા શબ્દોના પડછંદા (બળભર્યા શબ્દો) સંભળાય છે. તેમની વાતોના શબ્દે શબ્દે શ્રીજીમહારાજનાં સર્વોત્કૃષ્ટ ભાવનું સ્પષ્ટ નિરૂપણ કરે છે. સ્વામીને કોઈ પૂછે કે શ્રીજીમહારાજના સર્વોપરિ મહિમાની વાતો તો શાસ્ત્રોમાં નથી, તો તેઓ કહેતા કે શાસ્ત્રમાં આ વાત ક્યાંથી હોય? જન્મ થયા મોર શાદી(લગ્ન) કયાંથી લખાય ? તેમ પુરૂષોત્તમ આ બ્રહ્માંડમાં આવ્યા નહોતા એટલે તેમની વાત શાસ્ત્રમાં ક્યાંથી લખાણી હોય ? આથી જ ગોપાળાનંદ સ્વામી કહેતા કે પેટ ભરીને પૂરેપૂરી (ભગવાનના મહિમાની) વાતો તો જૂનાગઢમાં જ થાય છે. (૧) શાસ્ત્રમાં જીવનું, ઈશ્વરનું, માયાનું ને પુરુષ સુધીનું લખ્યું હોય, પણ પુરુષોત્તમની વાત શાસ્ત્રમાં ક્યાંથી હોય ? ને અવતારમાત્રનું બીજ તો વૈરાટને કહે છે ને તે કરતાં વાસુદેવ જે સચ્ચિદાનંદ બ્રહ્મ ત્યાં સુધીની વાત વેદમાં હોય, પણ તેથી પર ક્યાંથી હોય ? ને ભણેલાને તો શાસ્ત્રની સામી દૃષ્ટિ હોય તેથી તેને એ વાત સમજાય નહિ.'' (સ્વા.વા. ૫/૪૦૨) (૨) આજ તો પુરૂષોત્તમ, અક્ષર ને અક્ષરના મુક્તે સહિત પધાર્યા છે. તે ભેળા અનંત ધામના ભગવાન તેમના મુક્તે સહિત આવ્યા છે. શા સારું તો પોતપોતાની ખોટ કાઢવા ને પુરૂષોત્તમનું સ્વરૂપ સમજવા આહીં આવ્યા છે. **(સ્વા.વા. ૩/૪૧)** (૩) બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે જે, **મહારાજને પુરૂષોત્તમ જાણવાને આ સાધુને અક્ષર જાણવા. (સ્વા.વા. ૩/૩૮)** (૪) મહારાજને પુરૂષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ. ત્યારે શિવલાલે પ્રશ્ન પૂછયો છે જે, પુરૂષોત્તમ કેમ જાણવા ? ને બ્રહ્મરૂપ કેમ થવાય ? ત્યારે કહ્યું જે, મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ છે. તે ઉપર મધ્યનું નવમું ને છેલ્લાનું આડત્રીસમું વચનામૃત વંચાવીને કહ્યું જે, આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય, મંદિર ને મૂર્તિયું તે સર્વોપરી છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ? એ તો સર્વોપરી જ છે એમ સમજવું. **(સ્વા.વા. ૩/૧૨)** (૫) અવતારમાત્ર તો ચમકપાણ જેવા છે. તેમાં કેટલાક તો મણ જેવા છે ને કેટલાક તો દસ મણ જેવા છે... ને લાખ મણ ચમક હોય તો આખા પરગણાના લોઢાને તાણે ને આજ તો બધો ચમકનો પર્વત આવ્યો છે, નહિ તો બધું બ્રહ્માંડ તણાય કેમ ? એમ વાત કરીને બોલ્યા જે પૂર્વના અવતારમાં જેમાં જેટલું ઐશ્વર્ય છે તેમાં તેટલા જીવ તણાય છે. આજ તો સર્વ અવતારના અવતારીને સર્વ કારણના કારણ એવા જે પુરૂષોત્તમ તે જ પધાર્યા છે ને તેને જોઈને તો અનંત ધામના પતિ, તે ધામના મુક્ત, તે મહારાજની મૂર્તિને વિષે તણાઈ ગયા, જેમ ચમકના પર્વતને દેખીને વહાણના ખીલા તણાઈ જાય છે તેમ. **(સ્વા.વા. ૩/૪)** (૬) વાદી, ફૂલવાદી ને ગારડી, તેમાં વાદી હોય તે તો ગરીબ સાપ હોય તેને ઝાલે, ને ફૂલવાદી હોય તે તો હાથ આવે તો ઝાલે, નહિ તો લૂગડાના છેડાને વળ દઈને મારી નાખે, ને ગારડી હોય તેને આગળ તો ગમે તેવો મણિધર હોય તે પણ ડોલ્યા કરે. એ તો દૃષ્ટાંત છે. એનું સિધ્ધાંત તો એ છે જે, દત્તાત્રેય, કપિલ તે તો વાદીને ઠેકાણે છે. તે તો મુમુક્ષુ હોય તેનું કલ્યાણ કરે ને રામચંદ્ર ને શ્રીકૃષ્ણ તે તો ફૂલવાદીને ઠેકાણે છે, તે તો પોતાનું વચન માને તેનું કલ્યાણ કરે ને ન માને તો તરવારે સમાધાન કરીને કલ્યાણ કરે. ને મહારાજ તો ગારડીને ઠેકાણે છે ને તેમની આગળ તો જીવ, ઈશ્વર, પુરૂષ ને અક્ષરાદિક તે સર્વે હાથ જોડીને ઊભા છે. **(સ્વા.વા. ૩/૫)** (૭) પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે, તે કરતાં તો આ સત્સંગીના છોકરા સામું જોઈએ છીએ ત્યાં તો કરોડ કરોડ ગણું અધિક દૈવત જણાય છે. તો મોટા મોટા હરિભક્તને મોટા મોટા સાધુ અને મહારાજનો મહિમા તો કહેવાય જ કેમ ? **(સ્વા.વા. ૩/૭૨)** (૮) એમ તો પહેલાં ગણેશને પ્રભુ કહે છે, બ્રહ્મા, વિષ્ણુને શિવને કહે છે. અનિરૂધ્ધ, પ્રદ્યુમ્નને સંકર્ષણને કહે છે. ત્યારે એમાંથી કેને પ્રભુ માનવા ? ત્યારે એનું તો એમ છે જે જીવની કોટિયું, ઈશ્વરની કોટિયું, બ્રહ્માની પણ કોટિયું ને કોટિયું છે. એ સૌનાં કારણ તો મહારાજ પોતે એમ સમજે ત્યારે મજકૂર મળ્યું કહેવાય ને અનંત કોટિ રામ, અનંત કોટિ કૃષ્ણ ને અનંત કોટિ અક્ષરમુક્ત એ સર્વેના કર્તા, સર્વના આધાર, સર્વના નિયંતા ને સર્વના કારણ મહારાજને સમજે ત્યારે જ્ઞાન થઈ રહ્યું. **(સ્વા.વા. ૬/ ૨૫૭)** (૯) પુરૂષોત્તમના ભક્તમાં ને બીજા અવતારના ભકતમાં કેમ ભેદ છે ? તો જેમ હાથણી વિયાય ત્યારે તેને ભેંસ જેવડું બચ્ચું આવે ને જૂ વિયાય ત્યારે તેને લીખ આવે એમ ભેદ છે. **(સ્વા.વા. ૨/૧૦૮)** (૧૦) શ્રીકૃષ્ણે કેટલું જ્ઞાન કર્યું ત્યારે એક ઉદ્ધવે ત્યાગ કર્યો ને આજ તો વીસ વીસ વરસના સંસાર મૂકીને ચાલ્યા આવે છે. ને પૂર્વે શાસ્ત્રમાં સ્ત્રી તો કોઈએ ત્યાગી નથી. ને આજ તો હજારો બાઈયું ત્યાગ કરે છે, ને પૂર્વે ભગવાન બે-ત્રણને તેડવા આવ્યા છે. તે શાસ્ત્રમાં લખ્યું છે. ને આજ તો ઘરોઘર ભગવાન તેડવા આવે છે, ને બીજા અવતાર મોટા મોટા તે પારસમણિ જેવા છે ને પુરૂષોત્તમ તો ચિંતામણી છે. **(સ્વા.વા. ૩/૧૭૧)** (૧૧) આ

ઉપરાંત અનેક પ્રસંગે સ્વામીએ વાતો કરતાં અવતાર અવતારીનો ભેદ સમજાવતાં કહ્યું છે : તીર અને તીરનો નાખનારો જેમ જુદા છે, તીરનો નાખનાર તીરનું કારણ છે તેમ સમજવું. પણ ભવાયો જેમ જુદા જુદા વેશ કાઢે છે. તેમ અવતાર-અવતારીનો ભેદ નથી. વળી, જેમ ચક્રવર્તી રાજા અને ખંડિયા રાજા વચ્ચે ભેદ છે તેમ અવતારના અવતારીનો ભેદ સમજવો. પણ અવતાર બધા સરખા ને સાધુ બધા સરખા એ સમજણ તો શાસ્ત્ર વિરુધ્ધ છે. (૧૨) એક થી તે લાખ બકરાં બોલે પણ બીક ન લાગે ને એક કેસરી સિંહ બોલે તે બધાયના અંતર ભેદાઈ જાય ને હાથીનાં કુંભસ્થળ ફાટી જાય, તેમ મહારાજને અવતારાદિક જેવા કહે તેમાં કોઈને થડકો લાગે નહિ પણ અવતારાદિક સર્વે મહારાજનું દીધું ઐશ્વર્ય ભોગવે છે ને ભજી ભજીને એવા થયા છે, એમ જે કહેવું તે તો કેસરી સિંહના નાદથી જેમ હાથીનાં કુંભસ્થળ ફાટે તેવું કઠણ પડતું છે. **(સ્વા.વા. ૫/૧૯૮)**

૪. **'સ્વામી અક્ષર છે' જીવન અને કાર્યના આધારે (૬/૧૩૮થી૧૪૧)** ગુણાતીતાનંદ સ્વામીનું જીવન અને કાર્ય શ્રીજીમહારાજના બીજા કોઈપણ પરમહંસોના કે ભક્તોના જીવન અને કાર્યની તુલનામાં શ્રેષ્ઠ અને સર્વોપરી છે તે તેમના જીવનના અનેક પ્રસંગથી દેખાય છે. (૧) બાલ્યકાળથી જ સ્વામી મહારાજને અખંડ દેખતા. ચાર વર્ષની ઉંમરે તેમણે તેમનાં માતાને કહ્યું કે 'મા ! આજે જનોઈનાં ગીત ગાઓ. અયોધ્યામાં ભગવાનને આજે જનોઈ દેવાય છે.' ઘનશ્યામ વનવિચરણ કરવા નીકળ્યા ત્યારે તેમણે માતાને કહ્યું કે 'મા! આજે ધામના ધણી વનવિચરણ કરવા નીકળ્યા છે.' (૨) તેમણે પોતાના સમગ્ર જીવન દરમ્યાન પોતાના અસાધારણ સામર્થ્યથી અનેક ચમત્કારો બતાવીને કેટલાયના અસાધ્ય રોગ દૂર કર્યા. ઘણાને નવું જીવન અર્પ્યું. કેટલાયને મહાકષ્ટોમાંથી મુક્ત કર્યાં હતા. ઘણાને સમાધિ કરાવી અક્ષરધામનાં દર્શન કરાવ્યાં હતાં. (૩) માણસાના વાલેરો વરુ, લીલાખાના મુંજોસુરુ, કામરોળના દરબાર દાજીભાઈ વગેરે અનેક પાપી આસુરી જીવોનું પરિવર્તન કરીને તેઓને સ્વામીએ સત્સંગી કર્યા હતા. (૪) સ્વામીએ પોતાના આશ્રિત સાધુઓમાં શ્રીજીએ સ્થાપેલ ધન-સ્ત્રીના ત્યાગની મર્યાદા દૃઢ પળાવી હતી અને પોતાના આશ્રિત હરિભક્તો પણ પંચવર્તમાને યુક્ત, પંચવિષયથી અલિપ્ત આદર્શ જીવન જીવતા હતા. શિર સાટે સત્સંગ રાખે તેવા આદર્શ ભક્તો તેમણે કર્યા હતા. (૫) સ્વામીએ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તથા અનેક સાધુ હરિભક્તોને પોતાના અક્ષરપણાનો અનુભવ કરાવી શુદ્ધ બ્રહ્મસ્થિતિ કરાવી, મહારાજમાં જોડ્યા હતા. તેમાં ભગતજી મહારાજ, જાગા સ્વામી, બાળમુકુંદદાસ સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી, માધવપ્રિયદાસ સ્વામી, માધવચરણદાસ સ્વામી, કૃષ્ણજી અદા, બોટાદના શિવલાલ શેઠ, વસોના વાઘજીભાઈ, વણથલીના કલ્યાણભાઈ, બગસરાના વેલો સથવારો, કમીગઢના રચો દેસાઈ, હામાપરના કરસન બાંભણિયો, ચાડિયાના રામ ભંડેરી, ઉપલેટાના લાલાભાઈ, અરજણભાઈ વગેરે હતા. (૬) સ્વામીની વાતોમાં સ્વરૂપનિષ્ઠા, બળ, માહાત્મ્ય અને શૂરવીરતાના જેવા પડકારા છે એવા બીજા સદ્‌ગુરુઓની વાતોમાં મળતા નથી. તેમણે જ્યાં જ્યાં સત્સંગ કરાવ્યો ત્યાં શ્રીજીમહારાજની શુદ્ધ સર્વોપરી નિષ્ઠા કરાવી અને બીજા અવતારો, દેવ-દેવીઓ, મંત્ર-જંત્ર, દોરા, ધાગાનો ભાર રહેવા દીધો નહિ. (૭) વળી, સ્વામીએ હરિલીલાકલ્પતરુ જેવો વિદ્વતાપૂર્ણ ગ્રંથ રચાવી, સર્વોપરી નિષ્ઠા અને સત્સંગ સાહિત્યની અપૂર્વ પુષ્ટિ કરાવી. (૮) જૂનાગઢ મંદિરોનો વ્યવહાર અપૂર્વ વ્યવસ્થા શક્તિથી કરવા છતાં તેમણે કદી ખરડો કર્યો ન હતો. તેમનો સિદ્ધાંત શ્રીજીની નિષ્ઠા દૃઢ કરાવવાનો હતો. એ થયા પછી હરિભક્તો વાપરે ક્યાં ? નિષ્ઠા દૃઢ થયા પછી મહારાજ, સ્વામી અને મંદિરો માટે સર્વસ્વ આપનાર હરિભક્તો તૈયાર થયા હતા. એટલે તો ગુણાતીતાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને કહ્યું, 'મહારાજ ! આ જૂનાગઢની ખેંગાર વાવ સોરઠના સત્સંગીઓનાં માથાં વડે ભરવી હોય તો ભરી દઉં, એવો સત્સંગ સમજાવ્યો છે.' (૯) મંદિરનો મોટો વ્યવહાર, સતત ચાલુ રહેતાં કારખાનાં વગેરે અનેક પ્રકારની પ્રવૃત્તિ હોવા છતાં સ્વામીએ કથાવાર્તા ક્યારેય ગૌણ પાડી નથી. સતત કથાવાર્તાનો અખાડો ચાલુ રાખ્યો. (૧૦) મહેમદાવાદમાં બ્રહ્મના મિથ્યાજ્ઞાનથી ઉન્મત્ત બનેલા વિદ્વાનોનો તેમણે પોતાના ઐશ્વર્યથી પરાભવ કર્યો હતો. (૧૧) ગુણાતીતાનંદ સ્વામીના વિશિષ્ટ વ્યક્તિત્વમાં સાધુતાની પરાકાષ્ઠા, શ્રીજીમહારાજ વિષેની પરાભક્તિની ઉત્કૃષ્ટતા, પંચવર્તમાનની દૃઢતા, શ્રીજીમહારાજના પડ્યા બોલ ઝીલવાની તત્પરતા અને નિષ્ઠા કે નિયમધર્મમાં કોઈપણ મહોબત કે બીક રાખ્યા વગર નીડરતાથી સાચી વાત કરવામાં સ્પષ્ટવક્તાપણું, અનેક માનઅપમાનના પ્રસંગોમાં સ્થિતપ્રજ્ઞતા જેવા અનેક વિશેષ ગુણો હતા. (૧૨) સૌથી વિશેષ તો તેમની શિષ્યપરંપરામાં બ્રહ્મસ્થિતિ આજ પર્યંત ચાલી આવે છે. જ્યારે બીજે એવી ઉજ્જવળ શિષ્યપરંપરા દેખાતી નથી. આ રીતે તેમનું જીવન, કાર્ય અને ઉપદેશ જોતાં તેઓ શ્રીજીમહારાજના પરમ કૃપાપાત્ર, ધામરૂપ મૂળ અક્ષર અને ઉત્તમ અદ્વિતીય ભક્ત તરીકે પ્રસિદ્ધ થયા. તેથી જ જીવમાત્રને બ્રહ્મરૂપ થવા માટે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અનિવાર્ય આદર્શ છે. આપણા સદ્‌ગુરુઓ બ્રહ્મ અને પરબ્રહ્મના મહિમાની આ ધૂન નિત્ય બોલાવતા :

સ્વામી અને નારાયણ, સ્વામી તે ગુણાતીત સ્વામી, નારાયણ સહજાનંદ સ્વામી.

અક્ષર અને પુરુષોત્તમ, અક્ષર તે ગુણાતીત સ્વામી, પુરુષોત્તમ સહજાનંદ સ્વામી.

બ્રહ્મ અને પરબ્રહ્મ, બ્રહ્મ તે ગુણાતીત સ્વામી, પરબ્રહ્મ સહજાનંદ સ્વામી.

આત્મા અને પરમાત્મા, આત્મા તે ગુણાતીત સ્વામી, પરમાત્મા સહજાનંદ સ્વામી.

આ પ્રમાણે અક્ષરપુરુષોત્તમની ઉપાસના જીવમાં દૃઢ કરી, એ ઉપાસનાના ધારક પ્રગટ સત્પુરુષ પ્રાતઃસ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ - શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીના સ્વરૂપને ઓળખી તેમાં જોડાઈ તેમની આજ્ઞામાં રહીએ, તો ઉપાસનાનું આ જ્ઞાન સિદ્ધ થાય. સૌ મુમુક્ષુ જીવોએ આ જ્ઞાન સિદ્ધ કરી તેનું વિશેષ પ્રસારણ કરવા પોતાની સેવા આપવી જોઈએ, જેથી શ્રીજીમહારાજના કૃપાના ભાગી બને.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું.**

૧. **શીતળદાસનાં અનેક સ્વરૂપ થયાં. (૪/૪૬-૪૭)** શીતળદાસ નામે મુમુક્ષુ બ્રાહ્મણ રામાનંદ સ્વામીની ખ્યાતિ સાંભળી તેમનાં દર્શન કરવા આવ્યા. પરંતુ રામાનંદ સ્વામી અંતર્ધાન થયા છે તેવું સાંભળીને તેઓ નિરાશ થઈ પાછા જવાનો વિચાર કરતા હતા ત્યારે મહારાજે તેમને રોકાઈ જવા કહ્યું. તેઓ રોકાયા, અને સભામાં આવ્યા ત્યારે મહારાજે તેમને સમાધિ કરાવી. આ સમાધિમાં તેમણે જોયું કે ચોવીસ અવતારો અને ખુદ રામાનંદ સ્વામી શ્રીજીમહારાજની સ્તુતિ કરે છે. મહારાજનું આવું અલૌકિક સ્વરૂપ જોઈ સમાધિ અવસ્થામાં જ તેમણે મહારાજની પૂજા કરી ત્યારબાદ તેમને અનંત મુક્તોની પૂજા કરવાની ઈચ્છા થઈ. પરંતુ પોતે તો એક જ હતા. પછી મહારાજે તેમને સંકલ્પ કરવા કહ્યું. કે 'આ એક એક અવતાર અને રામાનંદ સ્વામી પુરુષોત્તમ હોય તો મારાં અનંત સ્વરૂપ થાઓ. આવો સંકલ્પ કરવા છતાં તેમના અનંતરૂપ થયાં નહિ. પછી શ્રીજીમહારાજે કહ્યું, 'હવે શ્રીજીમહારાજ પુરુષોત્તમ હોય તો મારા અનંત સ્વરૂપ થાઓ' એમ સંકલ્પ કરો.' આમ, સંકલ્પ જ્યાં કર્યો ત્યાં તેમનાં અનંતરૂપ થયાં. અને એક સાથે અનંત મુક્તોની પૂજા કરી. સમાધિમાંથી જાગીને મહારાજનો સર્વોપરી નિશ્ચય થયો. મહારાજને પોતાને સાધુ બનાવવા વિનંતી કરી. મહારાજે તેમને દીક્ષા આપી વ્યાપકાનંદ સ્વામી નામ પાડયું.

૨. **રામાનંદ સ્વામીએ લાલજી ભક્તને ઠપકો આપ્યો. (૪/૫૧)** શ્રીજીમહારાજ તીર્થોમાં ફરતાં ફરતાં લોજપુર પધાર્યા. રામાનંદ સ્વામી તે વખતે ભૂજનગર બિરાજમાન હતા. રામાનંદ સ્વામી વર્ણીની મોટપ જાણતા હતા. તેથી તેમણે તેમના બધા જ શિષ્યોને લોજપુર જઈ વર્ણીના દર્શન કરવા આજ્ઞા કરી. શેખપાટના લાલજી સુતાર (પાછળથી સદ્.નિષ્કુળાનંદ સ્વામી)ને ગુરુ રામાનંદ સ્વામીમાં અપાર સ્નેહ હતો અને તેમને વિષે ગુરુભાવ હતો તેથી તેઓ લોજ ન જતાં ભૂજ ગયા. તેથી રામાનંદ સ્વામીએ તેમને પૂછયું : ''મારી આજ્ઞાની અવજ્ઞા કરી કેમ અહીં આવ્યા ? એ વર્ણી તો અતિ મોટા છે અને દર્શન કરવા યોગ્ય છે.'' લાલજી ભક્તે પૂછ્યું : ''એ વર્ણી કેવા મોટા છે ? આપના જેવા ?'' રામાનંદ સ્વામીએ કહ્યું : ''અમારાથી પણ મોટા છે. શ્રીકૃષ્ણથી પણ મોટા છે. એ વર્ણી સર્વ અવતારોના કારણ પરાત્પર, અપ્રાકૃત, અપ્રાકૃત ગુણૈશ્વર્યવાળા પુરુષોત્તમ છે.'' આ પ્રમાણે રામાનંદ સ્વામીએ મહારાજનો ઘણો મહિમા કહ્યો અને લાલજી ભક્તને લોજ ન જવા માટે ઠપકો આપ્યો.

૩. **શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.' (૫/૯૩-૯૪)** ગુણાતીત સંત શ્રીજીમહારાજને સદા સ્વામી-સેવકભાવે ઉપાસે છે. ગુણાતીતાનંદ સ્વામીએ વાતુમાં પોતાને સર્વના સ્વામી પણ પુરુષોત્તમના દાસ કહ્યા છે. સદ્. બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે, 'સાપ્રથ પાય કબુ નહિ છલકત, જ્યું ઉદધિ કે તોય, બ્રહ્માનંદ કહ્યો શ્રીમુખસે, એસો જન પ્રિય મોય.' શ્રીજીમહારાજ કહે છે, 'એ નારાયણને લઈને તો જેને વિષે મોટપ કહીએ તેને વિષે સંભવે ને એને લઈને બ્રહ્મા, શિવ, નારદ, સનકાદિક એ સર્વેને ભગવાન કહેવાય. મુક્તાનંદ સ્વામી એમને પણ ભગવાન જેવા કહેવાય અને એ નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય. તો બીજાની શી વાર્તા કહેવી ?' (વચ. લોયા ૧૩) ગુણાતીત સંત કદી પોતે ભગવાન થઈ જતા નથી. પણ તેમાં ભગવાનનો સાક્ષાત્કારપણે સમ્યક્ રીતે વાસ છે. તેથી તેમનાં દર્શને ભગવાનનું દર્શન થાય છે. તાત્ત્વિક રીતે તો બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે. (વચ. ગ.મ. ૩) આપણી ગુરુપરંપરામાં પણ કોઈએ ભગવાન હોવાનો કે થવાનો ક્યારેય સ્વપ્નમાં પણ દાવો કર્યો નથી. વરતાલની સભામાં ગુણાતીતાનંદ સ્વામીના અપમાનના પ્રસંગમાં કોઈએ કહ્યું, 'ગુણાતીતાનંદ સ્વામીને ભગવાન થવું છે.' તો તે વખતે તેઓ નિધડકપણે બોલ્યા, 'કોઈનાથી ભગવાન થવાતું નથી. ભગવાન તો એક શ્રીજીમહારાજ છે. મને કોઈ ભગવાન કહેશે તો ગધેડો લેખાશે.' શાસ્ત્રીજી મહારાજ પણ કહેતા, 'આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.' વળી, પોતે કહેતા ભગવાન તો શ્રીજીમહારાજ છે. મને જે કોઈ ભગવાન માની ને ભજન કરશે તે નરકના અધિકારી થશે.

૪. **મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ નહીં, પણ સંત તે જ પ્રત્યક્ષ ભગવાન છે. (૫/૬૫થી૬૭)** શ્રીજીમહારાજ **(વચ.ગ.પ્ર. ૬૮)** કહે છે ''મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.'' આ સિધ્ધાંત અનુસાર સત્સંગમાં ચાર અંગ મૂર્તિ, શાસ્ત્ર, સંત અને આચાર્ય કલ્યાણ કરી શકે છે પરંતુ ભગવદ્ભાવને પામી ગયેલા બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ દ્વારા ભગવાન અખંડ પ્રગટ છે. તેથી આ ચારે કલ્યાણકારી સાધનોમાં સંત સૌથી શ્રેષ્ઠ છે. વળી શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે : 'ન હમ્મયાનિ તીર્થાનિ ન દેવા મૃચ્છિલામયાઃ । તે પુનન્ત્યુરુકાલેન દર્શનાદેવ સાધવઃ ।।' આ શ્લોકમાં જણાવ્યું કે મૂર્તિઓ ઉરુકાળે પાવન કરે છે. પરંતુ સંતનાં તો દર્શન માત્રથી પાવન થવાય છે. **(શ્રીમદ્ ભાગવત ૧૦-૮૪-૧૧)** ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે ''મૂર્તિયુ શું ચરિત્ર કરે જે તેનો અવગુણ આવે ને ઘટી જાય ? માટે બોલતા ચાલતા જે ભગવાન તે જ પ્રત્યક્ષ કહેવાય. ને મોટા સંત હોય તે જ મૂર્તિયુમાં દૈવત મૂકે છે. પણ મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણ મળીને એક સાધુ ન કરે ને એવા મોટા સંત હોય તો મૂર્તિયું, શાસ્ત્ર અને તીર્થ ત્રણેને કરે. માટે જેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા હોય એવા જે સંત તે જ પ્રત્યક્ષ ભગવાન છે. **(સ્વા. વા. ૫/૩૯૫)** શ્રીજીમહારાજ વચ. વર.-૧૦માં કહે છે. 'ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'

કહ્યું બહુ પ્રકારે કલ્યાણ રે, અતિ અગણિત અપ્રમાણ રે,
પણ સહુથી સરસ સંતમાં રે, રાખ્યું વાલમે એની વાતમાં રે. **(નિ.કા. પુરુષોત્તમ પ્રકાશ - ૪૨)**

મહારાજ પોતે પૃથ્વી પર પ્રગટ થયા ત્યારે જે છ હેતુઓ લઈને પધાર્યા તેમાંનો એક હેતુ પોતાના પરમ એકાંતિક સંત દ્વારા પૃથ્વી પર અખંડ પ્રગટ રહી જીવોનું કલ્યાણ કરવાનો છે. આમ જ્યારે ભગવાન સ્વયં પૃથ્વી પર વિરાજમાન હોય ત્યારે તે પ્રગટ ભગવાન

કહેવાય અને ભૌતિક દેહે અંતર્ધાન થવા છતાં જે સંત દ્વારા આ પૃથ્વી પર વિચરતા હોય ત્યારે તે સંતને ભગવાનનું પ્રગટ સ્વરૂપ (પ્રત્યક્ષ સ્વરૂપ) કહેવાય. 'સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે, સંત માનજો મારી મૂર્તિ રે, એમાં ફેર નથી એક રતી રે. **(નિ.કા. પુરુષોત્તમ પ્રકાશ -૪૧)**

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો. (કુલ ગુણ : ૭)**

**(ઉપાસનામાં શું સમજવું ?) (૧૪૨-૧૪૩)**

**☞ નોંધ : વાક્ય પૂર્તિની બાજુમાં કૌંસમાં આપેલા અંક વાક્ય પૂર્તિના નંબર છે. જે પરીક્ષાર્થીએ લખવા જરૂરી નથી.**

૧. શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પરબ્રહ્મ, સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વકર્તા સદા સાકાર સર્વજ્ઞ, પ્રગટ અને દિવ્ય છે. (૨/૧૪૨)

૨. ધામમાં જે પરબ્રહ્મનું સ્વરૂપ છે તે જ આ પૃથ્વી ઉપર પ્રગટેલા સર્વાવતારી શ્રીજીમહારાજ છે. પણ ધામમાં રહ્યા તે અવતારી અને પૃથ્વી ઉપર પ્રગટેલ શ્રીજીમહારાજ તે અવતાર એમ ન સમજવું તેમાં અવતાર, અવતારી એવો ભેદ નથી. જે ધામમાં છે તે જ આ શ્રીજીમહારાજ છે. (૫/૧૪૨)

૩. આપણી ઉપાસના અક્ષરે (સ્વામીએ) સહિત પુરુષોત્તમની (નારાયણની) કહેતાં ભક્તે સહિત ભગવાનની છે. અક્ષરબ્રહ્મ એ પરબ્રહ્મના અનાદિ સેવક અને આદર્શ ભક્ત છે તે સેવકભાવે પરબ્રહ્મની ભક્તિ કરે છે. તેવી જ રીતે આપણે પણ અક્ષરરૂપ થઈને પુરુષોત્તમ નારાયણની જ ઉપાસના ભક્તિ કરવાની છે. આમ આપણી ઉપાસના હંમેશાં બે ચરણની જ છે. (૧૨/૧૪૩)

૪. સગુણપણું અને નિર્ગુણપણું એ તો પુરુષોત્તમનું ઐશ્વર્ય છે, જ્યારે અક્ષરબ્રહ્મ સગુણપણે મહાનથી પણ મહાન અને નિર્ગુણપણે તો સૂક્ષ્મથી પણ અતિશય સૂક્ષ્મ છે. (૧૧/૧૪૨)

**(ઉપાસનામાં શું ન સમજવું ?) (૧૪૪-૧૪૫)**

૫. એકલા અક્ષરબ્રહ્મ જ છે. પુરુષોત્તમ પણ તેમાં જ રહ્યા છે, અને તે દ્વારે જ રહી શકે છે. અર્થાત્ સ્વરૂપ-સ્વરૂપી ભેળા છે, તેમ ન સમજવું. (૪/૧૪૪)

૬. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ઉપરાંત બીજા પરમહંસોને પણ અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ કહી શકાય તેમ ન સમજવું. (૧૨/૧૪૫)

૭. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત વગર કેવળ મૂર્તિ કે શાસ્ત્રને આશરે બ્રહ્મરૂપ-એકાંતિક થઈ શકાય છે, તેમ ન સમજવું. (૧૩/૧૪૫)

**પ્ર.૮ ટૂંકનોંધ લખો : અનન્ય નિષ્ઠા છતાં સર્વનો આદર (૪/૬૨) (કુલ ગુણ : ૫)**

શ્રીજીમહારાજે સર્વ દેવો આચાર્યો અને અવતારો પ્રત્યે આદરભાવ રાખ્યો છે. શ્રીજીમહારાજે સર્વ દેવ મંદિરોમાં તે તે દેવના સ્વરૂપો પધરાવી તેમનો આદર કર્યો છે પણ પોતાના ઈષ્ટદેવને વિષે અનન્ય નિષ્ઠા અને પતિવ્રતાની ટેક એ સાચા ઉપાસકનું લક્ષણ છે, એ વાત પર એમણે ખૂબ ભાર મૂક્યો છે. શ્રીજીમહારાજ કહે છે, 'જેમ પતિવ્રતા સ્ત્રી હોય તે પોતાના પતિના જેવી બીજા પુરુષમાત્ર સંગાથે લેશમાત્ર પ્રીતિ ન હોય અને પોતાના પતિના જેવો બીજા પુરુષનો ગુણ પણ ન આવે અને પોતાના પતિની મરજી પ્રમાણે જ વર્તે એવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સંગાથે દૃઢ ટેક છે તેમજ ભગવાનના ભક્તને પણ તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પ્રીતિ થાય નહિ. **(વચ. અં. ૧૬)** શિક્ષાપત્રી ૧૧૩માં શ્રીજીમહારાજે ભગવાનની ભક્તિ આ પૃથ્વીને વિષે સર્વે મનુષ્યોએ કરવી. એમ કહ્યું છે. તેમાં સાચા મુમુક્ષુઓએ સર્વોપરી પ્રાપ્તિનું બળ જરૂર રાખવાનું છે, પરંતુ માહાત્મ્યના કેફથી છકી જઈ કોઈ દેવ દેવી કે અવતારોની નિંદા કરવાની સ્પષ્ટ ના કહી છે એટલું જ નહિ પણ એવો ભાવ બતાવનાર પ્રત્યે અણગમો પણ બતાવ્યો છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અ.પુ.મંદિરોમાં અવતારોની મૂર્તિઓ પધરાવી છે તેમજ ધ્રુવ પ્રહલાદ શુક સનકાદિક નારદ ગોપીઓ જેવા ભક્તોનાં જીવનમાંથી પ્રેરણા મળે અને ભક્તિ દૃઢ થાય તેથી શ્રીમદ્‌ભાગવત્‌ની કથા પણ કરતા ને કરાવતા. અનેક જીવો મહારાજનાં સ્વરૂપને ઓળખે તેમાં જોડાય તેમની ભક્તિ કરે એવી પરમ કલ્યાણકારી દૃષ્ટિ રાખી મહારાજના સંતો, પરમહંસો, અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે અવિરત પરિશ્રમ કર્યો છે. જેમને સાચી જ્ઞાનદૃષ્ટિ છે એ એવી કોઈ અહંવૃત્તિ ધારતા નથી કે મારું જ શ્રેષ્ઠ છે, પરંતુ જે સારું છે તે મારું છે એમ સમજી ગુણગ્રાહક દૃષ્ટિ રાખી કાર્ય કરે છે. વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી - પ્રમુખસ્વામી મહારાજ પણ અવિરત વિચરણ કરી દેશદેશમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની વિજયપતાકા લહેરાવી રહ્યા છે.

**(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ ૩, સાતમી આવૃતિ માર્ચ - ૨૦૦૯,**
**યુગવિભૂતિ પ્રમુખસ્વામીમહારાજ પાંચમી આવૃતિ એપ્રિલ - ૨૦૧૦)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે - ૧ ગુણ, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. ''અમારું સર્વોપરીપણું પ્રર્વતાવો, નહિ તો આ દેહમાં સો વર્ષ રાખીશ, હજાર વર્ષ રાખીશ.'' (૧/૯) **અથવા**

➫ મહારાજ - ગોપાળાનંદ સ્વામીને

➫ તે વખતે સત્સંગ સમાજમાં પ્રવર્તતી અવતારાદિકની તંતીના પ્રભાવે છડેચોક મહારાજના સર્વોપરીપણાની વાતો થઈ શકતી નહિ. આથી ઉમરેઠ મહારાજે સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું.

૨. ''આ શું ચરિત્ર કર્યું ?'' (૨/૨૨) ➫ મુક્તાનંદ સ્વામી - મહારાજને

➫ એક વાર મહારાજે નાની સળી હાથમાં લઈ તોડી નાખી. આ જોઈને સ્વામીએ પૂછ્યું.

૩. ''તમે તમારી વિદ્યામાં પારંગત નથી.'' (૩/૩૨) **અથવા**

➪ મહારાજ - ચોરને ➪ કચ્છના માર્ગે જતાં લાલજી સુથાર અને મહારાજને ચોર મળે છે. ચોરે બંનેની જડતી લીધી પણ કાંઈ હાથમાં આવ્યું નહિ તેથી નિરાશ થયેલા ચોરને મહારાજ સામેથી બોલાવીને કહે છે.

૪. ''આ કથા ચાલશે ત્યાં સુધી ગુણાતીતાનંદ સ્વામી જ વાતું કરશે.'' (૪/૪૪)

➪ આચાર્ય મહારાજ (રઘુવીરજી મહારાજ) - સૌને

➪ સ્વામીની આકરી વાતોથી કેટલાક ઝાંખા પડી ગયા. તેમણે શુકમુનિ વાતો કરે તેવી ગોઠવણ કરી. શુકમુનિની વાતોમાં કોઈને રસ પડયો નહિ. ત્યારે શ્રીજીમહારાજે આચાર્ય મહારાજને દર્શન દઈને સ્વામીને વાતો ન કરાવવી હોય તો જૂનાગઢ મોકલી દેવાનું કહ્યું ત્યારે આચાર્ય મહારાજે સભામાં કહ્યું.

૫. ''નો મની આઈ હેવ ગોડ.'' (૨૩) **અથવા** ➪ સ્વામીશ્રી - શ્રી કાર્લોસવેગાને

➪ કાર્લોસવેગાએ કહ્યું સ્વામીજી, આપની પાસે આવવાથી આજે મને જિંદગીમાં સર્વપ્રથમ વખત શાંતિનો અને શીતળતાનો અનુભવ થયો છે. મારી પાસે બંગલો છે, મોટર છે, પૈસા છે, કીર્તિ છે, બધું જ છે, .... આઈ હેવ એવરીથીંગ.... પરંતુ શાંતિ... ત્યારે સ્વામી કહે છે.

૬. ''તાવ આવી ગયો ?'' (૨૪) ➪ સ્વામીશ્રી - વિદ્યાર્થીને ➪ તાવ, ઊલટી અને અશક્તિની તકલીફે વિદ્યાર્થીને લઈ નાખ્યો હતો. પોતાની તકલીફની વાત કોને કરવી તેની દ્વિધામાં પડેલા વિદ્યાર્થીને સ્વામીશ્રી પૂછે છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

૧. **નિષ્કુળાનંદ સ્વામીએ સંતો-હરિભક્તોને પ્રાર્થના કરતા રોક્યા.** (૩/૩૬-૩૭) **અથવા** ધોળેરાનું પાણી સ્વામીને માફક નહોતું આવતું અને શરીરે ગરમી ફૂટી નીકળતી. જો કે પોતે ખાવા-પીવામાં ખૂબ સંયમી એટલે રોટલો ને છાશ જ જમતા. પણ તેમને ગરમીનો રોગ ઓછો થતો નહિ. તેમનું આ દુઃખ જોઈ મંદિરના સર્વ સંતો તથા હરિભક્તોએ મહારાજને પ્રાર્થના રૂપે ધૂન શરૂ કરી. તેમણે આ જાણ્યું તેથી સૌને બોલાવીને કહ્યું કે ''મારે મારું પ્રારબ્ધ તો ભોગવવું જ પડે. જો હું દુઃખ નહિ ભોગવું અને પ્રારબ્ધ પૂરું નહિ કરું તો મારે ફરી જન્મ ધરવો પડશે. મારું દુઃખ તો તમે લઈ શકો એમ નથી. વળી, દેહનાં દુઃખ સારું તો મહારાજને ક્યારેય પ્રાર્થના કરાય જ નહિ માટે તમે જો મારું હિત ઈચ્છતા હો તો આ પ્રાર્થના બંધ કરી, મહારાજની ઈચ્છાથી જે થાય તે મને ભોગવવા દો.'

૨. **શિવલાલ શેઠની સાળીને જરા માઠું લાગ્યું.** (૭/૬૭) કુટુંબમાં કોઈ માંગલિક પ્રસંગે શિવલાલભાઈનાં સાળી એમને ઘેર આવેલાં. બહોળા કુટુંબને લઈને અને સ્ત્રીઓ સાથે પ્રયોજન વગર વાતચીત ન કરવાની ટેવવાળા શિવલાલભાઈને બે-ત્રણ માસથી સાળી ઘરમાં હોવા છતાં ખબર પડેલી નહિ; કારણ તેમનું જીવન જ એ રીતે સત્સંગમય ગોઠવાઈ ગયું હતું. પાંચ વખત માનસી, ધ્યાન, સાયંકાળે મંદિરે જઈ નિત્યનિયમ, સ્વાભાવિક ચેષ્ટા વગેરે કરી મોડી રાત્રે ઘેર આવવું. દુકાનમાં પણ એ જ રીતે ભગવાનમાં જ વૃત્તિ રાખવાનો અધ્યાસ. પણ એક દિવસ તેઓ જમવા બેઠા હતા અને તેમનાં સાળી પીરસવા આવ્યાં. તેમનાથી ભાતમાં ઘી વધારે પડી ગયું. ત્યારે સહેજ ઊંચું જોવાઈ જતાં તેમની દૃષ્ટિ સાળી ઉપર પડી અને સ્વાભાવિક પૂછ્યું : 'તમે ક્યારે આવ્યાં ?' આ સાંભળી તેમનાં સાળીને જરા માઠું પણ લાગ્યું. પછી સૌએ તેમને સમજાવ્યું કે શિવલાલભાઈની એવી અલૌકિક સ્થિતિ છે.

૩. **'૨૦૦ વર્ષ જૂનાં વેર શમ્યાં.' (૫૦) અથવા** કુકડ અને ઓદરકા ગામ વચ્ચે આવેલી ચરિયાણની જમીનનો સીમાવિવાદ ૨૦૦ વર્ષ સુધી ચાલ્યો. બન્ને ગામના કેટલાય વડવાઓ તેમાં ખપી ગયેલાં. બન્ને ગામના લોકોએ અપૈયા લીધા હતા. (એકબીજાના ગામના પાણી ન પીવાની પ્રતિજ્ઞા) ભાવનગરના મહારાજા, અંગ્રેજ અધિકારીઓ, અનેક મહાનુભાવોએ સમાધાનના પ્રયાસો કર્યા હતા પણ વેરની આગ શમી ન હતી. આ અરસામાં ઘોઘા પંથકના ખૂંખાર રામસંગ બાપુનું જીવન પરિવર્તન સ્વામીશ્રીએ કર્યું હતું. તેમની વિનંતીથી સ્વામીશ્રી તા. ૧૨-૪-૧૯૯૦ના દિવસે સ્વામીશ્રી વિવાદવાળી જમીન પર ગયા. ધીંગાણામાં ખપી ગયેલા પાળિયાઓ પાસે ગયા. પાંચે ગામના ભેગા કરેલા જળના કળશનું સ્વામીશ્રીએ પૂજન કર્યું. મહાપૂજા કરી. પિતૃમોક્ષ અને અપૈયા સમાપ્તિના સંકલ્પો કરાવ્યા. પાળિયાઓને પંચામૃત સ્નાન કરાવી પાંચે ગામના જળનો અભિષેક કર્યો. આરતી ઉતારી. બંને ગામના દરબારોને જાતે જ અમૃત જળ પાયાં. ૨૦૦ વર્ષનો વૈરાગ્નિ શમી ગયો. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું, 'અપૈયા રાખવા હોય તો દારૂના અપૈયા રાખવા. વેરઝેર મૂકવાં એ માનવતા છે. વેરઝેર ભૂલીશું તો જ વિકાસ થશે.'

૪. **નરેન્દ્રપ્રસાદ સ્વામી દિગ્મૂઢ બની ગયા.** (૩૭) લોસ એન્જલસમાં ચતુર્થ પાટોત્સવની વૈદિકવિધિ સ્વામીશ્રી કરતાં હતાં ત્યારે નરેન્દ્રપ્રસાદ સ્વામી (આચાર્ય સ્વામી) સ્વામીશ્રી પાસે વિદાય લેવા આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ તેઓને મૂર્તિ પરથી જળ લૂછવાની સેવા આપી. સેવા કરતાં કરતાં તેમને મૂર્તિના દેવત્વ વિષે સંશય થતાં રૂમાલમાં જ હાથ રાખી ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિનો અંગૂઠો જોરથી દબાવ્યો. તરત જ બીજા કાર્યમાં વ્યસ્ત સ્વામીશ્રીએ ચમકીને જાણે પોતાનો અંગૂઠો દબાયો હોય તેમ બોલી ઊઠ્યાં આચાર્ય ! આસ્તે ! ત્યારે આચાર્ય સ્વામીએ કહ્યું તમને કેવી રીતે ખબર પડી ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું ખબર તો પડે જ ને ! આમ, નરેન્દ્રપ્રસાદ સ્વામીનો સંશય ટળી ગયો અને દિગ્મૂઢ બની ગયા.

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

૧. **રઘુવીરજી મહારાજને સંતોનો મહિમા અને સંતોની કરેલી સેવા (૪/૪૧) અથવા** (૧) આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની સેવાભાવના ઉત્તમ હતી. તેની પ્રતિતી કરાવતો એક પ્રસંગ સત્સંગમાં ખૂબ જ જાણીતો છે. એક વખત એક સંતને તાવ આવ્યો હતો. તે કારણે તેમને લગભગ પાંચ દિવસના ઉપવાસ થયા હતા. ત્યાર બાદ તેમને જમવાની રુચી થઈ તેથી સેવકને કંઈક બનાવી આપવા કહ્યું, રાતનો સમય અને લોટ વગેરે કંઈ હાજર ન હતા, તેથી સેવકે વિચાર કર્યો કે આચાર્ય મહારાજના રસોડે જાવું, તેથી આચાર્ય મહારાજ પાસે આવ્યા. તેમણે જાણ્યું કે સંત બિમાર છે અને તેમણે ખાવાની રુચી બતાવી છે, તેથી તેઓએ અત્યંત સહાનુભૂતીથી કહ્યું, 'અત્યારે તમે એકલો લોટ લઈ જઈને શું કરશો ? માટે હું જ તમને સરસ મજાનો રોટલો કરી દઉં.' એમ કહીં, અબોટીયું પહેરી ચૂલો જાતે સળગાવ્યો. અને માંદા માણસને ભાવે તેવો સહેજ મીઠું જીરુ નાખીને રોટલો બનાવી દીધો અને માંદા સંતને જમાડ્યા. (૨) વરતાલમાં ગઢડાથી આવેલા સંતને પેટમાં અચાનક દુખાવો ઉપડ્યો. ચૂંક આવવા લાગી. આચાર્ય મહારાજ તેમના આસને ગયા અને તે સંતને જ્યાં પેટમાં વધારે દુઃખતું હતું ત્યાં સ્પર્શ કર્યો અને તેમને શાંતિ થઈ ગઈ. આમ, સંતનું દુઃખ ટાળ્યું.

૨. **પર્વતભાઈની સંતો પ્રત્યે આત્મબુદ્ધિ (૬/૬૦,૬૨)** અગતરાઈના પર્વતભાઈને મહારાજે શેરડીના માદળિયાં આપ્યાં ત્યારે તેમણે કહ્યું, 'મારે તો નિયમ છે. મારા ઈષ્ટદેવ જમે પછી જમાય ?' ત્યારે મહારાજ આશ્ચર્ય સાથે પૂછે છે, 'તમારા ઈષ્ટદેવ વળી કોણ ?' ત્યારે પર્વતભાઈ કહે છે 'મારા ઈષ્ટદેવ તો આ સંતો છે.' આપની ઓળખાણ એમણે કરાવી છે, માટે સંતો જમે પછી મારે જમાય. મહારાજે સંતોને દોઢ વરસથી ખટરસના નિયમો આપ્યા હતા. પર્વતભાઈ અને તેમના ઘરનાંએ પણ એ નિયમ લીધા હતા. આ જાણી મહારાજે રાજી થઈને સંતોના નિયમ મૂકાવ્યા.

૩. **અમે પણ હરિના જન છીએ. (૨૨) અથવા** સ્વામીશ્રીએ ચાર-પાંચ યુવાનોને બોલાવ્યા ત્યારે દરેકને મનમાં સવાલ થયો કે કોને બોલાવે છે ? ત્યાં ફરીથી સ્વામીશ્રીએ બોલાવ્યા અને કહ્યું 'તમે બધા જ આવો.' કંઈક શરમ અને કંઈક સંકોચ સાથે એ યુવાનો બોલી ઊઠ્યા : 'પણ બાપજી ! અમે તો હરિજન છીએ !' સ્વામીશ્રીએ કરુણાભીના સ્વરે કહ્યું : 'તો અમે પણ હરિના જન છીએ.... નજીક આવો ને !' દોડતાં એ યુવાનો સ્વામીશ્રી પાસે પહોંચી ગયા. સ્વામીશ્રીએ તેમનાં મસ્તક ઉપર પ્રેમાળ અભય હસ્ત ફેરવ્યો. દરેકના રોમેરોમમાં આનંદ છવાઈ ગયો. 'ભાઈ ! હરિના જન તો સૌને થવાનું છે. કાંઈ વ્યસન છે ? જીવન શુદ્ધ કરજો. વ્યસન હોય તો છોડજો. વ્યસન વગરનું પવિત્ર જીવન કરજો. લ્યો, આશીર્વાદ છે..' જીવન પરિવર્તનની આ અનાયાસ દીક્ષાએ તેમને કૃતાર્થ કરી દીધા. સારંગપુર ગામના એ હરિજનોને માટે આ દિવ્ય અનુભવ હતો - કોઈ સંતનો નહિ, પણ સંતમાં રહેલા સાક્ષાત્ ભગવંતનો... અને નંખાઈ ગયેલા ચહેરાઓ ઉપર તેજ ઝળકી ઊઠ્યું, લઘુતાગ્રંથિ ઓગળી ગઈ, આનંદની લહેર ઊઠી, હૈયે પેલો સ્વર ઘુંટાવા લાગ્યો. 'આપણેય હરિના જન છીએ, ગૌરવવંતા છીએ, મૂઠી ઊંચેરા છીએ..'

૪. **પ્રાર્થનામાં પ્રમુખસ્વામી મહારાજની શ્રદ્ધા (૫૪,૫૫)** લંડનમાં રાત્રે અઢી વાગે ઊઠીને સ્વામીશ્રી સ્વામિનારાયણ મહામંત્ર રટતા હતા. સેવકસંતે પૂછ્યું બાપા ! પોઢવું નથી ? શાની પ્રાર્થના-ધૂન કરો છો ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું 'ભારતમાં દુકાળ છે, તેથી વરસાદ વરસે તે માટે પ્રાર્થના કરું છું, જેથી સુકાળ થાય ને માણસ અને પશુઓ સુખી થાય. ત્યારે સેવકસંતે કહ્યું આવી પ્રાર્થના ક્યારે કરો છો ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું 'ઘણીવાર રાત્રે પ્રાર્થના કરું છું. જે લોકો દિવસ દરમ્યાન મારી પાસે પ્રશ્નો લઈને આવે છે. તેમના માટે પરહિત માટે મધરાતે જાગીને પ્રાર્થના કરનાર મહાપુરુષને સેવકસંત નીરખતા રહ્યા. ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સમયે ગુજરાતમાં ચાલતા અનામત આંદોલનના ઉકેલ માટે પત્રકારોએ પ્રશ્ન પૂછતાં સ્વામીશ્રીએ કહ્યું 'અમે પ્રાર્થના કરી છે, જેથી શાંતિ થાય.' તેમના બોલવામાં શ્રદ્ધાનો રણકાર હતો. રાત્રે મુખ્ય ઉત્સવ સભામાં ભગવાનને પ્રાર્થના કરતાં તેમણે કહ્યું 'સમગ્ર ગુજરાતમાં શાંતિ થાય. રાજનેતા ને વિદ્યાર્થીઓ પણ સમાધાન કરે તેવી ભગવાનનાં ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ. એમ કહી ગુજરાતની જનતાને પણ શાંતિ માટે અપીલ કરી.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજીની મૂર્તિ કયાં પધરાવી ?

જ. ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજીની મૂર્તિ સારંગપુરમાં પધરાવી. (૧/૬)

૨. રઘુવીરજી મહારાજના ધર્મપત્નીનું નામ શું હતું ?

જ. રઘુવીરજી મહારાજના ધર્મપત્નીનું નામ વિરજાદેવી હતું. (૪/૪૪)

૩. પરમચૈતન્યાનંદ સ્વામીને ધરમપુરથી પાછા બોલાવવા કયા મુખ્ય સંત મંડળ સાથે ગયા ?

જ. પરમચૈતન્યાનંદ સ્વામીને ધરમપુરથી પાછા બોલાવવા મુક્તાનંદ સ્વામી સંત મંડળ સાથે ગયા. (૫/૫૧)

૪. નારાયણસ્વરૂપદાસ કઈ સાલમાં સંસ્થાના પ્રમુખ બન્યા ?

જ. નારાયણસ્વરૂપદાસ ૧૯૫૦ની સાલમાં સંસ્થાના પ્રમુખ બન્યા. (૮)

૫. પ્રમુખસ્વામી મહારાજ ભવિષ્ય વિશે શું કહે છે ?

જ. ભગવાન ભજશે અને તેમના નિયમ પાળશે તો ભવિષ્ય સારું જ છે. (૫૬)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૨ (૫/૫૧) ૨. ૨, ૩ (૪/૪૩) ૩. ૧, ૩ (૧૨) ૪. ૧, ૪ (૧૮, ૩૫)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૫)**

**☞ નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસાને આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. આદિવાસી વિસ્તારમાં બી.એ.પી.એસ. સત્સંગનાં અજવાળાં : (૧)** આજથી પાંચથી છ દાયકા પહેલાં તો આદિવાસી વિસ્તાર અંધકારની ગર્તામાં ડૂબેલો હતો - રાજકારણી મતબેંકની માટે મુલાકાતે આવતા - અન્ય ધર્મગુરુઓ વટાળ પ્રવૃત્તિ માટે પરંતુ **(૨)** શ્રીજીમહારાજનો નીલકંઠવર્ણી વેશે ધરમપુર જેવા આદિવાસી વિસ્તારમાંથી ગુજરાતમાં પ્રવેશ - શ્રીજીમહારાજના દિવ્ય દૃષ્ટિના પ્રભાવથી, પ્રેરણાથી યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીએ આ વિસ્તારોમાં અજવાળાં પાથરવા માટે જાણે કે બીડું ઝડપ્યું. આદિવાસીઓના ઝૂંપડે ઝૂંપડે ફરીને સતત વિચરણ - અથાગ પરિશ્રમ કરીને તેઓના જીવનમાં નૂતન ક્રાંતિ આણી. સંતોના સ્નેહભર્યા વ્યવહારથી સ્વામીશ્રીની સમજાવટથી આ પ્રજા દ્વારા વ્યસનો, દૂષણો, માંસાહારનો ત્યાગ. - તેના કારણે જીવનધોરણ ઊંચી સપાટી પર (પ્રસંગો) કૂબા અને ઝૂંપડાઓની જગ્યાએ પાકાં મકાનો - હરિયાળી ધરતી પર સારી ખેતી થતી ગઈ. (પ્રસંગો) **(૩)** યુવા પેઢીની સુષુપ્ત શક્તિમાં જાગૃતિ - સારી કેળવણી પામીને અગત્યના હોદ્દા પર તેમની નિમણૂકો, વૈજ્ઞાનિકો, ડૉક્ટરો, પ્રવચનકાર, બેંક અધિકારીઓની પદવી પર આદિવાસી યુવાનો. (પ્રસંગો લખવા) **(૪)** આધ્યાત્મિક પ્રવૃત્તિ - સત્સંગ પ્રવૃત્તિનો વિકાસ - બાળમંડળો, યુવાપ્રવૃત્તિ, મહિલા મંડળો દ્વારા સંસ્કારના ઝરણાં વહેતાં થયાં. સંતો દ્વારા સંસ્કારરૂપી ધન સાંપડ્યું. વાંચતાં પણ પૂરૂ આવડતું ન હતું તેવા બાળકો, યુવાનો, કિશોરો દ્વારા અક્ષરપુરુષોત્તમના ગૂઢ તત્ત્વજ્ઞાનનું નિરૂપણ - અધિવેશનો, સાંસ્કૃતિક કાર્યક્રમો, મહોત્સવોમાં આદિવાસી બાળકો, કિશોરો દ્વારા હજારોની મેદની સામે રાસ-નૃત્યો, પ્રવચનો - સ્વામીશ્રી તેમજ સંસ્થા પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમનાં દર્શન - તન-મન-ધન અર્પણ - સેલવાસનું અક્ષરપુરુષોત્તમ મંદિર, સાબરકાંઠા તેમજ મધ્યગુજરાતના હરિમંદિરો, સંસ્કારધામો સત્સંગ પ્રવૃત્તિથી ધમધમતાં કેન્દ્રો બન્યાં. આ સૂર્ય સમા સ્થાનોમાંથી ઉજાસનાં કિરણોની વર્ષા અનેક પ્રકારની અધ્યાત્મલક્ષી પ્રવૃત્તિઓ (વિગત લખવી) હિંસા, દારૂ, જુગાર, માંસાહારની બદીમાંથી બહાર નીકળી પ્રામાણિક, નીતિયુક્ત જીવન - વહેમની નાગચૂડ - અનેક દેવતાઓની માનતાને બદલે એક જ ગુરુ અને એક જ ઈષ્ટદેવનો આશરો. (પ્રસંગો) **(૫)** કાચા દેડકાં કે નાના જંતુ ચાવી જનાર કે કાચું માંસ ચાવી જનાર વ્યક્તિઓ સાયકલ નીચે ભૂલથી દેડકો કે જંતુઓ કચડાઈ જાય તો ઉપવાસ કરે - ખાનપાનમાં જાગૃતિ - ગાળ્યા-ચાળ્યા વિનાનું ન જમે - તિલક-ચાંદલા સહિત પૂજા - ઘરમંદિરોમાં આરતી, થાળ, ગામમાં મંદિરોમાં સભાઓ થાય - એકાદશીના વ્રતો કરે - પ્રસંગો - ફક્ત લંગોટ ભેર રહેતી અબૂધ પ્રજા વચ્ચે ઘૂમીને સ્વામીશ્રીએ સંસ્થાના સંતોએ સંસ્કાર સીંચી પૂરતાં વસ્ત્રો પહેરતી સંસ્કારી પ્રજા તૈયાર કરી (પ્રસંગો) **(૬)** આમ, અંધકારની ઊંડી ખાઈમાં ડૂબેલી પ્રજાને અનેક પ્રયત્નોથી સ્વામીશ્રીએ આધ્યાત્મિક ગંગામાં સ્નાન કરાવી ઉજાસની કેડી પર મૂકી દીધી - આ વિકાસની કેડી સતત વિકસતી જ રહે, ઉત્કર્ષ થતો જ રહે અને આ અજવાળાં હંમેશા મધ્યાહ્નના સૂર્યની જેમ હંમેશા તપ્યા જ કરે તે માટે બેનમૂન, સુંદર કલાકૃતિવાળાં મંદિરોની સંસ્થા દ્વારા ભેટ - સંસ્થા અને સ્વામીશ્રીને આ કાર્યને અંગે કરોડો વંદન - આદિવાસી પ્રજા સ્વામીશ્રીના આ ઋણને ક્યારેય ભૂલી શકશે નહિ. આદિવાસી પ્રજાના તેમજ મહાનુભાવોના ઉદ્‌ગારો લખી શકાય. - ઉપસંહાર.

**૨. ભલું કરવા હંમેશા બીજાનું - દેહને દમતા પ્રમુખસ્વામી મહારાજ : (૧)** શ્રીજીમહારાજથી ગુરુપરંપરામાં બધાનો ધ્યેય ભલું કરવું. (પ્રસંગો) **(૨)** યોગીજી મહારાજનો જીવનમંત્ર-ધ્યેય 'ભગવાન સૌનું ભલું કરો' ગુરુનું ધ્યેય સૌનું ભલું કરવાનું તો શિષ્ય એટલે કે સ્વામીશ્રીનું ધ્યેય પણ આ જ - બીજાના ભલામાં આપણું ભલું - એટલે કે સૌનું ભલું થાય તેવી જીવનભાવના. **(૩)** જીવનભાવના, જીવનમંત્રની સિદ્ધિ માટે, લક્ષ્ય સુધી પહોંચવા માટે સ્વામીશ્રીએ સાધુની દીક્ષા અંગીકાર કરી ત્યારથી જ કમર કસી - ગુરુ શાસ્ત્રીજી મહારાજને આપેલ વચન મુજબ સંસ્થાના હરિભક્તો, અન્ય મુમુક્ષુ જીવો માટે સ્વામીશ્રીનું વિચરણ - દીવો ત્યાં દાતણ નહિ અને દાતણ ત્યાં દીવો નહિ (પ્રસંગો) **(૪)** કઠણ અને કપરા સંજોગોમાં વિચરણ - જૂનાં વાહનો, બળદગાડાં,

ક્યારેક રીક્ષા તો ક્યારેક પદયાત્રા - ઉબડખાબડ રસ્તા - અનેક અગવડો વચ્ચે પણ અવિરત વિચરણ (પ્રસંગો) (૫) ગમે તે ઋતુ હોય, ગમે તેવા સંજોગો હોય, કડકડતી ઠંડી, મુશળધાર વરસાદ કે ધોમધખતો તાપ પણ સ્વામીશ્રીના વિચરણને અટકાવી શક્યા નથી. (પ્રસંગો જુદા જુદા સ્થળોના લખી શકાય) (૬) અન્યના ભલા માટે, લોકોના વ્યસનો મૂકાવવા માટે, દૂષણો, વહેમ વગેરે મૂકાવવા માટે, બીજાનું કલ્યાણ થાય એ ધ્યેયની સિદ્ધિ માટે સ્વામીશ્રીનું દેહદમન. નિર્જળા ઉપવાસ હોય કે તાવ હોય, આંખે મોતિયો પાકી જાય ત્યાં સુધી વિચરણ - દેહની અસહ્ય માંદગી અને પરાકાષ્ઠા સમી બાયપાસ સર્જરી પછી પણ સ્વામીશ્રીનું વિચરણ ચાલુ જ. (પ્રસંગો) (૭) માટે જ કહી શકાય કે બીજાનું ભલું કરવા સ્વામીશ્રી દેહનું દમન કરે છે.

**૩. પારિવારિક પ્રશ્નોનું સમાધાન - સમજણ :** (૧) દરેક પરિવારમાં બાળકથી માંડીને વડીલ સુધીના સભ્યો (આબાલવૃદ્ધ) બધા સભ્યો પરિવારમાં સાથે રહે - તેથી પરિવાર એ પ્રશ્નોનું ઉદ્‌ભવસ્થાન. (૨) નાના બાળકના પ્રશ્નો, યુવાનો-કિશોરોના પ્રશ્નો, મહિલાવર્ગ તેમજ વડીલો દરેકના પ્રશ્નો ભિન્ન ભિન્ન - દરેકને પોતાના પ્રશ્નો જ સાચા લાગે - પોતાની જ માન્યતા સાચી લાગે - આવા સંજોગોમાં સમજણ એ જડીબુટ્ટી. (૩) પરિવારમાં ઉદ્‌ભવતા પ્રશ્નો અંગે સમજણ કેળવવી આવશ્યક - ઘરની પ્રત્યેક વ્યક્તિમાં સમજણ હોય, બાંધછોડ કરવાની વૃત્તિ, હકારાત્મક વલણ વગેરેની આવશ્યકતા. (૪) યોગીજી મહારાજ તથા વર્તમાનકાળે સ્વામીશ્રી આટલી વિશાળ સંસ્થામાં ઉદ્‌ભવતા પ્રશ્નો, હરિભક્તોના પ્રશ્નો અન્ય મુમુક્ષુઓના પ્રશ્નો આ બધાનો સમજણથી જ ઉકેલ લાવે છે. પરિવારમાં પણ સ્વામીશ્રી જેવો અભિગમ, રુચિ કેળવાય તો અને પરિવારના સભ્યો પણ આ વાતનું મનન કરે તો પ્રશ્નોનું સમાધાન સરળ. પરિવારમાં તો દસ કે બાર સભ્યો હોય પરંતુ સંસ્થાના આટલાં મંદિરો, સંતો, ભક્તો બધાના પ્રશ્નો ઉદ્‌ભવે છતાં બી.એ.પી.એસ. એક પરિવારની જેમ સમજણથી સ્વામીશ્રી કામ લે છે તો આપણે પણ સ્વામીશ્રીના રાજીપા માટે સમજણ કેળવીએ. (૫) સ્વામીશ્રીનો આ માટે મુખ્ય અભિગમ ઘરસભા સાથે બેસીને સભ્યો ચર્ચા કરે, સમજણપૂર્વક પ્રશ્નો રજૂ થાય, ઉત્તરો મળતા જાય, સમાધાન થતું જાય. આ સમજણથી અનેક પરિવારોમાં સુખદ પરિણામ સમાધાન અંગેના મળ્યાં છે. (પ્રસંગો) (૬) યોગીજી મહારાજ તેમજ સ્વામીશ્રી બાળક સાથે બાળક, કિશોર સાથે કિશોર, યુવાન સાથે યુવાન, વડીલ સાથે વડીલ બનીને સમજણપૂર્વક સમાધાન કરાવે છે. આ અભિગમ પરિવારમાં નજર સમક્ષ રાખવાથી પારિવારિક પ્રશ્નોનું સુખદ સમાધાન સમજણથી - ઉપસંહાર.

❑ ❑ ❑